**આંક :૦૯**
દાખલ તારીખ :૨૫-૧૧-૧૭
નિકાલ તારીખ :૧૩-૪-૧૮
સમયગાળો : વર્ષ માસ દિવસ

**કપડવંજનાં બીજા એડીશનલ જયુડીશીલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**

**મુ.કપડવંજ**

**ફોજદાર કેસ નં. ૨૧૫૧/૧૭**

**ફરીયાદી :** સ્ટેટ ઓફ ગુજરાત

**વિરુધ્ધ**

**આરોપી : સાકીરમીયા અકબરમીયા મલેક**

રહે. જમાલપુર, કપડવંજ જી.ખેડા

**ગુન્હા : ઇ.પી.કોડની કલમ ૨૮૩ તથા જી.પી.એકટની કલમ ૧૦૨, ૧૧૭ મુજબ.**

ફરીયાદપક્ષ તરફે એ.પી.પીશ્રી કે.એ.સુથાર

આરોપીપક્ષ તરફે વકીલશ્રી એમ.બી.રાજપુત

**:: ઠ રા વ ::**

૧ આરોપી ઉપર મુજબ શિક્ષાપાત્ર ગુનાનો આરોપ છે.

૨ ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

આ કામનાં મુળફરીયાદી- આ.હે.કો.શનાભાઇ નારણભાઇ બ.નં.૫૨૨ કપડવંજ ટાઉન પો.સ્ટે.નાંઓએ રૂબરૂમાં એવા મતલબની ફરીયાદ લખાવેલ છે કે, આરોપીએ તા.૨૦/૦૯/૨૦૧૭નાં રોજ કલાક ૧૦/૩૦ વાગે મોજે કપડવંજ પલાઝા શોપિંગ સેનટર સામે જાહેર રોડ ઉપર પોતાની ફુટ ભરેલ હાથલારી મુકી આવતાં જતાં રાહદારીઓ તેમજ ટ્રાફીકને અડચણ થાય તે રીતે ભય તથા અવરોધ ઉભો કરી મળી આવી પકડાય જઇ ગુનો કર્યા વિ.બાબતની ફરીયાદ આરોપી વિરુધ્ધ કાયદેસર થવા ફરીયાદીએ ફરીયાદ આપેલ જે કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનમાં સેકન્ડ ગુના રજી.નં. ૧૨૬/૧૭થી નોંધાવતાં આરોપી વિરુધ્ધ ઇ.પી.કોડની કલમ ૨૮૩ તથા જી.પી.એકટની કલમ ૧૦૨, ૧૧૭ મુજબનાં ગુન્હાઓ નોંધી તપાસનાં અંતે પુરતો પુરાવો મળી આવતાં આ કામે હાલનું આંક : ૧નું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ.

૩ ચાર્જશીટ રજુ થતાં તે ફોજદારી કેસ રજીસ્ટરે ઉપરોકત નંબરથી નોંધવામાં આવેલ બાદ આરોપીઓને સમન્સ બજી જતાં અને તેઓ હાજર થતાં તેઓને તેમની સામેનાં પોલીસ તપાસની નકલો ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૨૦૭ મુજબ વિના મુલ્યે પુરી

પાડવામાં આવ્યાની ખાત્રી કર્યા બાદ આરોપીની આંક : ૩ની વિગતે આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતાં આરોપીઓએ ગુન્હાનો ઇન્કાર કરતાં ફરીયાદ પક્ષનો પુરાવો રજુ કરવા માટે સદરહું કેસ મુકરર કરવામાં આવેલો.

૪ ફરીયાદ પક્ષે આ કામે નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો :**

(૧)ફરીયાદી-શનાભાઇ નારણભાઇની જુબાની આંક : ૦૭

(૨)પંચ-અલપેશભાઇ ગોવિંદભાઇ રાવળની જુબાની આંક :૦૪

(૩)પંચ-રાકેશભાઇ સુરેશભાઇની જુબાની આંક : ૦૬

**દસ્તાવેજી પુરાવો :**

(૧) ફરીયાદ આંક : ૦૮

(૨) પંચનામું આંક : ૦૫

ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો બાદ ફરીયાદપક્ષે તેમનો પુરાવો પુરો થયેલાનું જાહેર કર્યા બાદ પડેલ પુરાવા સંદર્ભે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ મુજબ આરોપીનું વધારાનું નિવેદન રેકર્ડ કરવા લાયક પુરાવો ન હોય ત્યારબાદ સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે બચાવ પક્ષનાં વિ.વ.શ્રીની દલીલો તથા રજુઆતો સાંભળવામાં આવેલી છે.

૫ આ કામનાં નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :-

મુદા નં.૧ શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૨૦/૦૯/૨૦૧૭નાં રોજ કલાક ૧૦/૩૦ વાગે મોજે કપડવંજ પલાઝા શોપિંગ સેનટર સામે, જાહેર રોડ ઉપર પોતાની ફ્રુટ ભરેલ હાથલારી મુકી આવતાં જતાં રાહદારીઓ તેમજ ટ્રાફીકને અડચણ થાય તે રીતે ભય તથા અવરોધ ઉભો કરી મળી આવી પકડાય જઇ ઇ.પી.કોડની કલમ ૨૮૩ તથા જી.પી.એકટની કલમ ૧૦૨, ૧૧૭ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. ?

મુદા નં.૨ શું હુકમ ?

૬ ઉપરોકત મુદ્દાઓ પરત્વેનાં મારા નિર્ણયો નીચે દર્શાવેલા કારણોસર નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારમાં

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ

૭ ઉપરોકત નિર્ણયનાં કારણ નીચે મુજબ છે.

**:: નિર્ણયનાં કારણો ::**

***મુદા નં.૧***

૭.૧ મુદા નં.૧નાં સ્વરૂપને ધ્યાને લેતાં આ કામે આરોપીએ ઇ.પી.કોડની કલમ ૨૮૩ તથા

જી.પી.એકટની કલમ ૧૦૨, ૧૧૭ની જોગવાઇ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓ કરેલ હોય તેવી બાબત પુરતા અને નિ:શંક પુરાવાથી પુરવાર કરવાનો બોજો પ્રોસીકયુશનપક્ષનાં શીરે રહેલ છે. જે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક પુરાવાથી તેમજ રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓથી આરોપી વિરુધ્ધ પુરવાર થાય છે કે કેમ?

આમ, કાયદાની જોગવાઇઓ સિધ્ધાંતો ધ્યાને રાખી ફરીયાદ પક્ષનો સમગ્ર મૌખિક પુરાવો તથા દસ્તાવેજી પુરાવો વિચારણામાં લઇએ તો,

હાલનાં કામમાં ફરીયાદપક્ષ દ્વારા ફરીયાદી-શનાભાઇ નારણભાઇને આંક : ૦૭ થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમનાં સોગંદ ઉપર જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૦/૯/૧૭નાં રોજ કપડવંજ ટાઉન પો.સ્ટે.માં ટ્રાફીક નીયમન શાખામાં ફરજ હતી તે વખતે તેઓ તથા બીજા પોલીસનાં માણસો પો.ઇન્સ સાહેબની સુચના અનુસાર ટાઉન વિસ્તારમાં ટ્રાફીક નીયમન અને વાહનો નાં વધતા અકસ્માતો તથા વેપારીઓ દ્વારા જાહેર રસ્તા ઉપર પોતાનો સરસામન મુકી અડચણ ઉભી કરતા હોય તે બાબતે તેઓ તથા બીજા પોલીસનાં માણસો ચાલતાં બસસ્ટેનડ આગળથી આવી બે પંચો બોલાવી હકીકતથી વાકેફ કરી કપડવંજ પલાઝા શોપિંગ સેનટર સામે, જાહેર રોડ ઉપર રાહદારીઓ અડચણ ઉભી કરે તે રીતે ઉભી રાખેલ હોય અને અવરોધ ઉભો કરેલ હોય પંચો રૂબરુ સદર ઇસમનું નામ પુછતાં સાકીરમીયા અકબરમીયા મલેક રહે.જમાલપુર, કપડવંજ નું જણાવેલ આ બાબતે પંચો રુબરુ વિગતવાર પંચનામું કરી બનાવ વખતે સરકાર તરફે હાજર થઇ બનાવ બાબતે ફરીયાદ આપેલ જણાવેલ છે જયારે સદરહું સાહેદે તેમની ઉલટતપાસમાં એવું કબુલ રાખેલ છે કે આ વિસ્તાર પબ્લીકની અવર જવરવાળો જાહેર વિસ્તાર છે આજુબાજુ ઘણી દુકાનો આવેલ છે.

ત્યારબાદ ફરીયાપક્ષે આંક : ૦૪થી તથા આંક : ૦૬થી પંચોને તપાસવામાં આવેલ છે જેઓ ગુનાવાળી જગ્યાનાં પંચો છે તેઓ આંક : ૦૫નાં પંચનામાને બિલકુલ સમર્થન આપેલ નથી જયારે તેઓની ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રસ્નો પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષનાં કેસને સમર્થન આપેલ નથી. જેથી આંક : ૫નું પંચનામું ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

આરોપી ઉપર આઈ.પી.સી. કલમ–૨૮૩ તથા જી.પી.એકટની કલમ ૧૦૨, ૧૧૭ મુજબના ગુનાનો આરોપ છે. સદરહું કલમમાં મુખ્ય તત્વ ધ્યાને લેતાં તેમાં લખેલ છે કે, " જે કોઈ વ્યકિત , કોઈ કૃત્ય કરીને અથવા પોતાના કબજામાં અથવા હવાલાની કોઈ મિલકતની વ્યવસ્થા ન કરીને કોઈ સરિયામ,ખુશ્કી કે તરી માર્ગમાં કોઈ વ્યકિત માટે ભય ઉભો કરે અથવા તેને અડચણ કરે કે હાની પહાચાડે તેને બસો રુપિયા સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે. " આ કામના ફરીયાદી તથા તપાસ કરનાર અધિકારીશ્રીએ તેમના આંક– ૭ના સોગંદ ઉપરના પુરાવામાં

પોતે ફરીયાદી તથા તપાસ કરનાર અધિકારી છે જેથી પોતાના કેસને સમર્થન કરતો પુરાવો આપેલ છે. પરંતુ તેમના પુરાવાને આંક–૪ અને આંક–૬થી તપાસવામાં આવેલા પંચોએ સમર્થન કરેલ નથી, બનાવવાળી જગ્યા જાહેર રોડ છે ત્યાં ઘના લોકો તથા વાહનોની અવર જવર હોય અને ત્યાંથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં આ કામે નિવેદનો નોધીને તપાસેલ નથી, જેથી ફરીયાદીના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળતું નથી. ફરીયાદ પક્ષે તેમનો કેસ નિઃશકંપણે પુરવાર કરવો જોઈએ અને ફકત શંકાના આધારે સજા કરી શકાય નહી. જેથી આરોપીએ તા.૨૦/૦૯/૨૦૧૭નાં રોજ કલાક ૧૦/૩૦ વાગે મોજે કપડવંજ પલાઝા શોપિંગ સેનટર સામ, જાહેર રોડ ઉપર પોતાની ફુટ ભરેલ હાથલારી મુકી આવતાં જતાં રાહદારીઓ તેમજ ટ્રાફીકને અડચણ થાય તે રીતે ભય તથા અવરોધ ઉભો કરી ટ્રાફીકને અડચણરુપ થાય અને મોટો અકસ્માત થવાનો ભય સર્જાય તે રીતે રાખી પાર્ક કરીઈ.પી.કો. કલમ–૨૮૩ તથા જી.પી.એકટની કલમ ૧૦૨, ૧૧૭ મુજબનો ગુનો કરેલ હોય તેવી હકીકત ફરીયાદ પક્ષના પુરાવાના અભાવે પુરવાર થતું ન હોય, શંકાનો લાભ આરોપીને આપવામાં આવે છે જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૨ પરત્વેનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

૧ આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૫(૧)અનવયે તેમની સામેનાં ઇ.પી.કોડની કલમ ૨૮૩ તથા જી.પી.એકટની કલમ ૧૦૨, ૧૧૭ નાં શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨ આરોપીએ કરી આપેલ જાતમુચરકા તેમજ જામીન ખત અપીલ સમય બાદ રદ કરવા.

૩ આરોપીએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૪૩૭(અ) મુજબનાં રૂા.૫૦૦૦/- નાં સધ્ધર જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા અપીલી અદાલતમાં જરૂર પડેથી હાજર રહેવા માટેનાં આપવા.

આજ, તારીખ : ૧૩મી, માંહે : એપ્રિલ, સને : ૨૦૧૮નાં રોજ સદરહું હુકમ આ અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**( રાજેશ માંદીયાભાઇ ધોડી )**

કપડવંજ બીજાએડીશનલ જયુડીશીયેલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, કપડવંજ.
તા.૧૩/૦૪/૨૦૧૮ કોડ નંબર જીજ-૦૧૧૭૫